## સાચી જાણકારી છે ટીબીનું સમાધાન



ટીબીને ફેલાતો રોકવા દર્દી હંમેશા રૂમાલથી
મોઢું ઢાંકીને ઉધરસ અને છીંક ખાય.



જ્યાં ત્યાં ના થૂંકો



લક્ષણ દેખાવા પર ડૉક્ટરની સલાહ
લઈને તપાસ કરાવો.



ટીબીના ઉપચાર દરમિયાન બીમારીથી લડવાની
શક્તિ માટે સ્વસ્થ આહાર લો.



ટીબી માટે સ્વસ્થ આહારઃ દાળ, અનાજ, દૂધ અને દૂધથી
બનેલા પદાર્થ, તેલ અને ઘી, રોટલી, ચોખા, મગફળી,
જામફળ અને કેળાં જેવાં ફળ વગેરે.

## નિક્ષય પોષણ યોજના

નિક્ષય પોષણ યોજના અંતર્ગત ભારત સરકાર ટીબીના દર્દીઓને સ્વસ્થ આહાર માટે **₹500** પ્રતિ માસનું આર્થિક પ્રોત્સાહન આપે છે. આ સહાયતા ઉપચાર પૂરો થવા સુધી ચાલુ રહે છે.

આ યોજનાનો લાભ લેવા માટે દર્દી ભારત સરકારની નિક્ષય યોજનાનો સભ્ય હોય એ અનિવાર્ય છે. નિક્ષયના સભ્ય હોવાની નીચે લખેલી પૂરી જાણકારી તમારા ડૉક્ટર/જીત ટીમને ઉપલબ્ધ કરાવો.

આ યોજનાનો લાભ લેવા માટે કૃપયા નીચે આપેલી જાણકારી ઉપલબ્ધ કરાવોઃ

- **દર્દીનું નામ અને ફોન નંબર**
- **દર્દીનો બૅન્ક એકાઉન્ટ નંબર**
- **બૅન્કનું નામ, બૅન્કનું સરનામું**
- **બૅન્કનો આઈએફએસસી કોડ**

વેરિફિકેશન માટે તમારી બૅન્ક પાસબુક અવશ્ય લાવો

બૅન્ક પાસબુક અને આધાર કાર્ડ (અથવા કોઈ અન્ય આઈડી પ્રૂફ)ની ફોટોકૉપી

જનહિતમાં રજૂ | Joint Effort for Elimination of Tuberculosis




જનહિતમાં રજૂ | Joint Effort for Elimination of Tuberculosis

## શું છે ટીબીની બીમારી?

ટીબી બેક્ટેરિયાથી ફેલાતો સંક્રમક (ચેપી) રોગ છે જેનો શિકાર કોઈપણ થઈ શકે છે. ટીબીના રોગાણુ દરદીના ઉધરસ કે છીંક ખાવા પર હવામાં મળી જાય છે અને બીજાને સંક્રમિત કરી શકે છે. ગભરાઓ નહીં, ટીબીથી બચી શકાય છે અને ટીબીને હરાવી પણ શકાય છે. ટીબીનાં લક્ષણો દેખાવા પર તરત ડૉક્ટરની સલાહ લો.



## ટીબીનાં મુખ્ય લક્ષણ



2 સપ્તાહથી વધારે ઉધરસ.



ઉધરસ ખાતા ગળફામાં લોહી આવવું.



તાવ હોવો.



વજન ઓછું થવું.



ઉધરસની સાથે કફ આવવો.



ભૂખ ઓછી થવી.

## ટીબીની તપાસમાં મોડું ના કરો





ટીબીની તપાસ માટે ડૉક્ટરનો સંપર્ક કરો. કફની તપાસથી ટીબીની જાણ કરી શકાય છે.
ધ્યાન રહે, યોગ્ય તપાસ માટે સરખી રીતે ઉધરસ ખાઈને કફ આપો, થૂંક નહીં.

## ટીબીનો ઉપચાર



ટીબીનો ઉપચાર થઈ શકે છે. દવા 6થી 8 મહિના કે વધારે સમય સુધી લગાતાર ચાલે છે.



દવા જેટલા સમય સુધી લેવાનું કહેવામાં આવે એટલા સમય સુધી પૂરી લો. ડૉક્ટરની સલાહ પર જ દવા બંધ કરો.



ઉપચાર વચમાં છોડવાથી કે દવા અનિયમિત રૂપથી લેવાથી ટીબી ઉપચાર ના થાય એવો અને જીવલેણ થઈ શકે છે.

## ઉપચાર દરમિયાન ધ્યાન રાખો

ટીબીના ઉપચાર દરમિયાન તમાકુ, સિગરેટ, હુક્કા, દારૂ જેવી કોઈપણ નશાકારક વસ્તુથી પરહેજ કરો.

ટીબીની દવા લેવા પર કેટલાક પ્રભાવ થઈ શકે છે જેમ કે જીવ ગભરાવો, ઊલટી આવવી, પેશાબ–લાળ–આંસુંનો રંગ નારંગી કે લાલ થવો, પેટમાં દુખાવો થવો. આનાથી ગભરાઓ નહીં, તકલીફ વધવા પર ડૉક્ટરની સલાહ લો પણ તમારી રીતે દવા બંધ ના કરો.